\ ૨૦

ફા. ૨૮

આશ્રમશાળાની માન્યતા રદ થવાથી કે વર્ગો બંધ થવાથી ફાજલ થયેલ કર્મચારીઓને અન્ય આશ્રમશાળામાં સમાવવા બાબત

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: અમશ/૧૦૧૭/૨૦૫૧૫૦/૬૫૨/ગ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.30/0૪/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૬/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ખપશ-૧૦૨૦૧૪-૭૫૭૭૦-ચ

(3) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: બઠક-૨૦૧૫-મંત્રી-૬/ઘ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૩૧/૦૫/૨૦૧૭નો પત્ર ક્રમાંક: અજાક-ગ-આ.શા.-૨૦૧૭૧-૧૭૬૭

**આ મુ ખ :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની રાજ્યમાં આવેલ આશ્રમશાળાઓમાં પુરતા વિદ્યાર્થીઓ ન મળવાના કારણે વર્ગો બંધ થતાં, સંચાલક સંસ્થા દ્વારા આશ્રમશાળાનો વહીવટ યોગ્ય રીતે ન થવાના કારણે, આશ્રમશાળાની કોઇ ગેરરીતિ સરકારશ્રીનાં ધ્યાને આવે તેવા સંજોગોમાં આશ્રમશાળાની માન્યતા રદ કરવામાં આવતી હોય તેવી આશ્રમશાળાના શૈક્ષણિક સ્ટાફને રક્ષણ આપી અન્ય આશ્રમશાળામાં સમાવવા માટે નિયમોમાં કોઇ જોગવાઇ થયેલ નથી. કેટલાક કિસ્સાઓમાં સંચાલક સંસ્થાઓની ભૂલના કારણે આશ્રમશાળા બંધ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે કર્મચારીઓને

વાંક-ગુના વગર સહન કરવું પડતું હોય છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના બહોળા શિક્ષણ હિતમાં અને આશ્રમશાળાના શિક્ષકોને સેવાઓ પેન્શનપાત્ર અને અન્ય તમામ લાભો સાથે જોડાયેલ સેવાઓ હોવાથી આવા કિસ્સાઓમાં સરકાર દ્વારા આશ્રમશાળાઓ રદ કરવાની થાય, વર્ગ ઘટાડો કરવાનો થાય તેવા સંજોગોમાં આવી આશ્રમશાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની અન્ય આશ્રમશાળાઓમાં જ્યાં આ પ્રકારની જગ્યાઓ મંજૂર થયેલી હોઇ અને ખાલી હોઇ તેના પર પુન: નિમણૂક આપી સમાવી લેવાની બાબત વિચારણા હેઠળ હતી. આવા કર્મચારીઓને અન્ય આશ્રમશાળાઓમાં સમાવવામાં આવે તે સરકારશ્રીના હિતમાં છે. તેમજ સરકારશ્રી પર વધારાનો કોઇ નાણાકીય બોજ પડતો નથી. માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૦/૦૬/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધી નિમણૂક પામેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવાનો નિર્ણય શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક: (૧)ના ઠરાવથી થયેલ છે. અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં નિમણૂક પામેલ શિક્ષકોને ફાજલનું રક્ષણ આપવાનો નિર્ણય શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક: (૨)ના તા.૨૧/૦૮/૨૦૧૬ના ઠરાવથી થયેલ છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પણ વંચાણે લીધેલ ક્રમાંક: (૩)ના તા.૨૧/૧૨/૨૦૧૬ના ઠરાવથી જે તે આશ્રમશાળાઓ/ઉત્તર બુનિયાદી/ ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળાઓમાંથી ફાજલ થતાં શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને અન્ય આશ્રમશાળા/ઉત્તર બુનિયાદી/ ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળાઓમાં સમાવવાની મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના તા.૩૧/૦૫/૨૦૧૭ના વંચાણે લીધેલ ક્રમાંક: (૪)ના પત્રથી કરવામાં આવેલ સમાન પ્રકારની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તક ચાલતી અનુદાનિત આશ્રમશાળાઓ બંધ થવાને કારણે, વર્ગો બંધ થવાને કારણે આશ્રમશાળાઓમાંથી ફાજલ થતાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબના કુલ : ૦૨ શિક્ષકો જે

હાલ કામગીરી કરે છે તેઓને અન્ય આશ્રમશાળાઓમાં નિયમિત સમાવેશ કરવાનો રહેશે તથા જે આશ્રમશાળાઓની માન્યતા રદ કરેલ છે અથવા બંદ થવાના કારણે ફાજલ પડેલ શિક્ષકોને તુટના સમયગાળો કોઇ જ પગાર અથવા અન્ય ભથ્થા/તફાવત ચૂકવવાના રહેશે નહી. આ પ્રકારના શિક્ષકોને જ્યારથી અન્ય આશ્રમશાળાઓમાં સમાવવામાં આવે ત્યારથી વેતન ચૂકવવમાં આવશે તે મુજબની તેઓ પાસેથી યોગ્ય બાંહેધરી રૂ.૧૦૦/-ના સ્ટેમ્પ પર એફિડેવિટ સ્વરૂપે મેળવવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધીન નિમણૂક પામેલ હોય તેવા નીચે મુજબના કુલ : ૦૨ શિક્ષકોને રાજ્યમાં જ્યાં વધુ જરૂર હોય, વધારે વિદ્યાર્થી હોય અને શિક્ષકની ઘટ હોય ત્યાં બન્ને શિક્ષકોને મૂકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | આશ્રમશાળાનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ભગવાનભાઇ કે. પરમાર | તાલીમી શિક્ષક | શ્રમજીવી આશ્રમશાળા, મુ.ચાલણ, તા.જોટાણા, જિ.મહેસાણા |
| ૨ | શ્રી ચેતનકુમાર વી. પટેલ | તાલીમી શિક્ષક | શ્રમજીવી આશ્રમશાળા, મુ.ચાલણ, તા.જોટાણા, જિ.મહેસાણા |

<u>શ ર તો</u> :

(૧) સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ, વયનિવૃત્ત થયેલ, મૃત્યુ પામેલ શિક્ષકોના કેસ(Reopen) કરવાના રહેશે નહીં.

(૨) શિક્ષકોને સમાવવા બાબતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો આદેશ આખરી ગણવામાં આવશે અને જો સંબંધિત શિક્ષક તેને ફાળવેલ જગ્યા પર નહીં જાય તો તેને નોકરી પરથી છૂટા કરવામાં આવશે.

(૩) સરકારના ઠરાવ કે પરીપત્રો કે અન્ય કોઇ પણ જગ્યાઓ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો પણ જે તે આશ્રમશાળામાં બીજી કોઇ પણ આશ્રમશાળામાં જગ્યા ના હોય તો કન્યા

આશ્રમશાળામાં પણ પુરુષ કર્મચારીને ફાળવવામાં આવશે અને કન્યા આશ્રમશાળાએ સ્વીકારવાના રહેશે.

(૪) ફાળવવામાં આવેલ શિક્ષકોને જો સંસ્થા-આશ્રમશાળા દ્વારા હાજર કરવામાં ન આવે તો તેવા કિસ્સામાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચૂકવવો પડે તે ખર્ચ સંસ્થા/આશ્રમશાળાની ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવામાં આવશે. જો આશ્રમશાળાને મદદનીશ શિક્ષકના પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી શાળાની નોંધણી રદ કરવા માટેની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અજા)ના પરામર્શમાં કરવાની રહેશે.

(૫) ફાજલ શિક્ષકોને પ્રથમ સંબંધિત જિલ્લામાં અને ત્યાં જગ્યા ન હોય તો નજીકના જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને તે પ્રમાણે પણ જગ્યા ન હોય તો રાજ્યના ગમે તે જિલ્લાની શાળામાં સમાવવામાં આવશે અને ત્યાં જવું તેને માટે ફરજીયાત રહેશે.

(૬) ઉપર્યુક્ત ૦૨ શિક્ષકો પૈકીના કોઇ પણ શિક્ષકો ફાળવણી વગર ફાજલ ન રહે અને કામગીરી વિના પગારની ચુકવણી ન કરવી પડે તેની તકેદારી તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી(અજા)એ રાખવાની રહેશે. આવા કોઇ કેસ સરકારના ધ્યાનમાં પણ આવશે તો તે માટે સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અજા)ની અંગત જવાબદારી ગણાશે.

(૭) હાલમાં જે આશ્રમશાળા ચાલુ છે તેમાં પણ શિક્ષણ વિભાગના અદ્યતન હુકમોને આધારે ઉપલબ્ધ વિદ્યાર્થીઓની સંખ્યા-વર્ગો અને જે તે વિષયના શિક્ષકના કામના ભારણને ધ્યાને લઇ આશ્રમશાળાઓ માટે વિદ્યાર્થી-વર્ગ દીઠ શિક્ષક રેશીયો નક્કી કરવાનો રહેશે. ઉપર્યુક્ત ૦૨ પૈકીના શિક્ષકોથી ભરવાપાત્ર ખાલી જગ્યાઓ ભરવાની રહેશે. આ માપદંડ મુજબ વિચારણા કર્યા બાદ સામાન્ય રીતે જે તે વિષયના સૌથી જુનીયર શિક્ષકને અન્ય આશ્રમશાળામાં સમાવેશ કરવાના રહેશે.

(૮) કોઇપણ આશ્રમશાળામાં શૈક્ષણિક કર્મચારીની જગ્યા ભરવાના પ્રસંગે રોસ્ટર પોઇન્ટ પ્રમાણે જે તે જગ્યાના અનામત કક્ષાના ઉમેદવારથી ભરવાની થતી હોઇ અને જે તે વિષયના શિક્ષક નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી પાસે ઉપલબ્ધ હોય તો

તેવા સંજોગોમાં ઉપલબ્ધ શિક્ષકથી જે તે જગ્યા ભરવાની રહેશે અને રોસ્ટર પોઇન્ટ આગળ ખેંચી લેવાનો રહેશે.

(૯) આવા શિક્ષક જે આશ્રમશાળામાંથી છૂટા થયેલ હોય તે આશ્રમશાળા શરૂ થયાને પાંચ વર્ષની અંદર બંધ થયેલ ન હોવી જોઈએ.

(૧૦) આશ્રમશાળામાં વર્ગો બંધ થવાને કારણે શિક્ષક ફાજલ થાય તે શાળાને આવો વર્ગ બંધ થયા પછી પાંચ વર્ષ સુધી નવો વર્ગ કોઇપણ સંજોગોમાં આપવામાં આવશે નહીં.

(૧૧) આ રીતે ફાજલ કરીને અન્યસ્થ આશ્રમશાળામાં સમાવવામાં આવેલ શિક્ષકને તે આશ્રમશાળાની પ્રવરતા યાદીમાં સૌથી નીચે મૂકવામાં આવશે અને તેઓ સૌથી જુનીયર ગણાશે.

(૧૨) આશ્રમશાળાની શૈક્ષણિક કામગીરીને વિપરીત અસર ન થાય તે માટે આશ્રમશાળાની સીનીયોરીટી મુજબ શિક્ષક કાર્યભારના માપદંડ પ્રમાણે જો પૂરતો કાર્યભાર સંભાળતા હશે તો તેમને શાળામાં ચાલુ રાખવાના રહેશે.. પરંતુ. સીનીયોરીટી મુજબ સીનીયર હોવા છતાં જો પૂરતો કાર્યભાર ન ધરાવતાં હોય તો તેમને અન્ય આશ્રમશાળામાં સમાવવા અંગે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) આ પ્રકારે શિક્ષકને અન્ય આશ્રમશાળાની ખાલી પડેલ જગ્યા ઉપર સમાવેશ કરતાં અગાઉ જે આશ્રમશાળામાં સમાવવાના છે તે આશ્રમશાળાની મંજુર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓ ધ્યાને નહીં લેતાં શિક્ષણ વિભાગના અદ્યતન વખતોવખતનાં હુકમો અનુસાર મળવાપાત્ર શિક્ષકની સંખ્યા ધ્યાને લઇ બાકી રહેતી ખાલી જગ્યાઓ ઉપર સમાવવાના રહેશે.

(૧૪) જે શિક્ષકો અન્ય આશ્રમશાળામાં સમાવવાપાત્ર હોય તેવા શિક્ષકને અન્ય આશ્રમશાળામાં સમાવવાની કામગીરી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા અથવા તેમના દ્વારા સત્તા આપવામાં આવેલ હોય તેવા તેમની કચેરીના અધિકારીશ્રી દ્વારા ભરવાની રહેશે. વહીવટી વિભાગ હેઠળની અનુદાનિત આશ્રમશાળાઓ પૈકી જ્યાં શિક્ષકની વધુ અછત હોય અને જેના કારણે બાળકો-વિદ્યાર્થીઓના શિક્ષણને અસર થતી હોય તેવી અનુસૂચિત

જાતિ વિસ્તારની અંતરિયાળ વિસ્તારની આશ્રમશાળાઓની જગ્યાઓ ભરવાને પ્રાથમિકતા આપવાની રહેશે.

(૧૫) જો અંતરિયાળ વિસ્તારની આશ્રમશાળાઓમાં પુરતી સંખ્યામાં શિક્ષક ઉપલબ્ધ હોય તો જે તે આશ્રમશાળામાં અન્ય જગ્યા હોય તો તેમાં જ પ્રથમ સમાવવાના રહેશે. જો તે આશ્રમશાળામાં જગ્યા ન હોય તો પ્રથમ સંબંધિત તાલુકામાં પછી નજીકના તાલુકામાં અથવા પછી જિલ્લામાં અન્ય ખાલી જગ્યામાં મૂકવા. પરંતુ, જે આશ્રમશાળામાં સમાવવાના છે તે આશ્રમશાળાની મંજુર થયેલ જગ્યાઓ પૈકીની ખાલી જગ્યાઓ ધ્યાને નહીં લેતાં શરત ક્રમ-૭ માં જણાવ્યા અનુસાર કાર્યભારને આધારે ભરવાપાત્ર જગ્યા ઉપર સમાવવાના રહેશે.

(૧૬) આશ્રમશાળામાં ફરજ બજાવતાં શિક્ષક જેવા કે ચિત્રકામ, સંગીત અને ઉદ્યોગ જેવા વિષયના શિક્ષક અને તેમના વિષયને અનુરૂપ અન્ય અનુદાનિત આશ્રમશાળાઓમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આવા શિક્ષકોને ગ્રંથપાલ તેમજ કારકૂન સંવર્ગની બિન શૈક્ષણિકની જગ્યાઓમાં તેમને મળતાં પગાર અને પગાર ધોરણમાં રક્ષણ આપીને સમાવેશ કરી શકાશે. ભવિષ્યમાં આ પ્રકારની ખાસ વિષયની ખાલી પડતી કે નવી ઉભી થયેલ જગ્યાઓ પર નવી ભરતી ન કરતાં બિન શૈક્ષણિક જગ્યાઓ પર કામગીરી કરતાં આવા શિક્ષકોથી જ ભરવાની રહેશે.

(૧૭) કોઇ પણ સંજોગોમાં આવા શિક્ષકોને સરકારી કચેરીઓમાં સમાવી શકાશે નહીં કે લોન સેવા તરીકે પણ સમાવી શકાશે નહીં.

(૧૮) આશ્રમશાળા વર્ગ બંધ થવાને કારણે અન્ય આશ્રમશાળામાં સમાવવાપાત્ર થતાં શિક્ષકોને જે તે આશ્રમશાળાના બંધ થયાના ત્રણ માસમાં અન્ય આશ્રમશાળામાં સમાવવાના રહેશે. આ અંગે આશ્રમશાળાઓના બાળકોના શિક્ષણના હિતને તથા જાહેરનાણાંનો દુર્વ્યય ના થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

(૧૯) આ જોગવાઇને કારણે આશ્રમશાળાઓનુ સંચાલન કરતી સંસ્થાઓનું આશ્રમશાળા બંધ કરવા તરફી વલણ ન થઇ જાય તે માટે જરૂરી પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની રહેશે.

(૨૦) શિક્ષણ વિભાગ દ્વારા આયોજવામાં આવતાં ગુણોત્સવ કાર્યક્રમની જેમ વહીવટી વિભાગ હેઠળની આશ્રમશાળાઓમાં આપવામાં આવતાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સંસ્થાનું નિરીક્ષણ-ઈન્સપેક્શન કરી મૂલ્યાંકન કરવાનું રહેશે અને મૂલ્યાંકનને આધારે તેમજ પરિણામ આધારિત અનુદાન નીતિનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૯/૦૪/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી તથા નાણા વિભાગની તા.૧૨/૦૭/૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એસ.ગઢવી)

સંયુક્ત સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી,

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,

ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના :

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યાય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સા.ન્યા.અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ